**ફોજદારી કેસ નં. ૨૦૦૫૪/૨૦૨૫**

**મે. વડોદરાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, પ્રથમ કોર્ટ, મુ. વડોદરા.**

ફરિયાદી : **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

આરોપી : **તેજાભાઇ શેલાભાઇ ભરવાડ**

**–:: આંક – ૦૧ લગત હુકમ ::–**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ– ૨૮૫, ૨૯૧ તથા જી. પી. એકટની કલમ–૯૦(ક) મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થઇ ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરતા જે અન્વયે આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૩) આરોપીની સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપીની આર્થિક અને સામાજીક સ્થિતી ધ્યાને લેતા અને દયાની માંગણી કરતા હોય તે ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ. કલમ– ૨૮૫, ૨૯૧ તથા જી. પી. એકટની કલમ– ૯૦ (ક) મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા.
તા. ૦૮/૦૩/૨૦૨૫

(પુષ્પેન્દ્રસિંહ રાઠોડ)
**જયુડી.મેજી. ફ. કલાસ,પ્રથમ કોર્ટ ,વડોદરા**
UID CODE– GJ–01134

*પા.નં.*
*દંડ રૂા.*
*તા:૦૮/૦૩/૨૦૨૫*